	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૧/૦૩/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૫૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૦	૦	૧૩૦	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૩	૦	૧૦૦૬૮૩	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪	૨,૮૯,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦	૩૦,૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી, ૨૨ લીટર દેશી દારૂ અને ૦૨ ક્વોટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૪૫૮/૨૦૨૨**

સાબરમતીઃ પ્રીમલ દિલીપભાઇ પટેલ (ઉ.વ.૩૧)(રહે.પટેલનગર સોસાયટી, બહુચર માતાના મંદીરની સામે, નિરમા યુની. રોડ, ત્રાગડ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૧૦/૦૩/૨૦૨૨ ના કલાક ૪/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ધાબા ઉપર ચડી, ધાબાનો પ્લાસ્ટીકનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરી તથા લાકડાના ત્રણ કબાટના દરવાજાના તાળા તોડી, સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૯૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૫૯/૨૦૨૨**

રામોલઃ રમેશભાઈ હરજીભાઈ પટેલ (ઉ.વ.૪૦)(રહે.દિવ્યજીવન રેસીડેન્સી, નીકોલ-નરોડા રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રમેશભાઇના ભાગીદાર પંકજભાઇના પિતરાઇ ભાઇ હિમાંશુભાઇ રમેશભાઇ શાહએ રમેશભાઇને ફોન કરી કહેલ કે ગ્રાહકને આપવા સારૂ દાગીના લેવાના છે, જેથી મારા માણસ ભાગ્ય અશોકભાઇ શાહ ને દાગીના લેવા તેમજ બેંકમાં જમા કરાવવા રૂપિયા લેવા સારૂ મોકલી આપુ છુ" તેમ કહેતા રમેશભાઇએ ભાગ્ય શાહ તથા તેમની સાથે આવેલ નીલ ને સોનાના દાગીના કિંમત રૂપિયા ૨૩,૦૩,૬૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- આપી રવાના કરેલ. જે ભાગ્ય શાહ અને નીલ નાઓ રામોલ મહાદેવનગર ટેકરા ખાતે આવેલ "ડીલક્ષ પાન પાર્લર" નામની દુકાને મસાલો ખાવા સારૂ ઉભા રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષે ભેગામળી ભાગ્ય શાહ અને નીલ ની નજર ચુકવી ડુપ્લીકેટ ચાવીથી એક્ટીવાની ડેકી ખોલી, ડેકીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨૩,૦૩,૬૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

દાઝી જતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૪૬૦/૨૦૨૨**

વટવા: મોહંમદનસીમ અબ્દુલસકુર ઇદ્રીશી (ઉ.વ.૨૨)(રહે.દુકાન નંબર-૧-૨, રવિ ચેમ્બર પટવાશેરી ની સામે, રીલીફ રોડ, કારંજ) નાઓ તા.૦૯/૦૩/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે વટવા મરજાન રેસીડન્સી ની પાસે, નુરહસન મસ્જીદની પાસે આવેલ પોતાની બહેનના ઘરે રસોડામા ગેસ ઉપર કડાઇ મુકી, ગરમ તેલમાં પુરી તળતા હતા ત્યારે અચાનક બિલાડી કુદતા, ગરમ તેલ ઢોળાતા અચાનક ગેસની પાઇપ થી આગની જ્વાળા લાગતા, મોહંમદનસીમ શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૩/૨૦૨૨ સવારના ૫/૧૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

ટ્રેઇન ની અડફેટે આવી જતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૪૬૧/૨૦૨૨**

સોલા હાઇકોર્ટ: (૧) મનોજ બચ્ચુલાલ (ઉ.વ.૨૨)(રહે,કસ્થુની પુરબ અલીગંજ બાજાર અમેઠી, ઉત્તરપ્રદેશ) તા.૧૦/૦૩/૨૦૨૨ ના કલાક ૦૦/૦૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા આંબલી વચ્ચે રેલ્વે લાઇન થાંભલા નંબર ૫૦૯/૧૨ આગળ ટ્રેઇનની અડફેટે આવી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા તા.૧૦/૦૩/૨૦૨૨ ના કલાક ૨/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટભાઇ વિઠ્ઠલદાસ ચલાવે છે.

સોલા હાઇકોર્ટ: (૨) રજીભાઇ તળજાભાઇ દેસાઇ (ઉ.વ.૭૫)(રહે.સરસ્વતીનગર જનતાનગર સોસાયટીની સામે, ઘાટલોડીયા) તા.૧૦/૦૩/૨૦૨૨ ના કલાક ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન પાવાપુરી રોડ જનતાનગર દશામાઁના મંદીરની પાસે ટ્રેઇનની અડફેટે આવી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટભાઇ વિઠ્ઠલદાસ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૪૬૨/૨૦૨૨**

રીવરફ્રન્ટ વેસ્ટ: પ્રાચીબહેન ડૉ/ઓ અરવિંદભાઈ પ્રજાપતી (ઉ.વ.૧૫)(રહે.હેતલપાર્ક સોસાયટી, પાર્થેશ્વર મંદિર પાસે, વટવા રોડ, ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચિમ કિનારે સરદારબ્રિજ થી આંબેડકરબ્રિજ તરફ જતાં પોલ નં.JAWL-3418 પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી આઇ.ટી.દેસાઇ ચલાવે છે.

અમરાઇવાડી: અમૃતાબહેન વા/ઓ હરીશભાઇ સોલંકી (ઉ.વ.૫૬)(રહે,મન્સુરીની ચાલી, ગુલાબનગર ની બાજુમા, સ્વસ્તીક ચાર રસ્તા પાસે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

રામોલઃ મનિષાબહેન ડો/ઓ રણજીતભાઈ રાજપુત (ઉ.વ.૨૦)(રહે.લાલાભાઈ મારવાડીના ભાડાના મકાનમાં, સંતોષીનગર, રામરાજ્યનગર, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૨/૨૦૨૨ ના રોજ પોતાના ઘરે લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને એલ.જી હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૩/૨૦૨૨ ના કલાક ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.